અન્ય પછાત વર્ગો માટેનું પંચની કચેરીના
મહેકમની મુદત લંબાવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૧૦૪/૮૦/અ
સચિવાલય,ગાંધીનગર.
તા. /૦૨/૨૦૨૨
03 FEB 2022

વંચાણે લીધાઃ-

(૧)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૬/૦૨/૨૦૨૧નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨)સચિવશ્રી અન્ય પછાત વર્ગો માટેનુ પંચનો તા.૨૫/૦૧/૨૦૨૧નો પત્ર ક્રમાંકઃઅપવ/પંચ/મકમ/૨૦૨૨/૫૯.

ઠરાવઃ-

વંચાણે લીધેલ ક્રમાંકઃ(૧) માં દર્શાવેલ વિભાગના તા.૨૬/૦૨/૨૦૨૧ના ઠરાવથી અન્ય પછાત વર્ગો માટેનું પંચની કચેરીના મહેકમની જગ્યાઓ તા.૨૮/૦૨/૨૦૨૨ સુધી ચાલુ રાખવા માટેની મંજૂરી આપવામાં આવેલ છે.

અન્ય પછાત વર્ગો માટેનું પંચના વંચાણે લીધેલ ક્રમાંકઃ(૨) ના તા.૧૭/૦૧/૨૦૨૨ના પત્રથી પંચ ખાતેની જગ્યાઓ તા.૨૮/૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવા દરખાસ્ત કરવામાં આવેલ. જે બાબત વિચારણા હેઠળ હતી.

વિચારણાના અંતે પંચની કચેરીની નીચે જણાવેલ જગ્યાઓની મુદત તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવાની મંજૂરી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે. અને ક્રમ.૧૧ થી ૧૪ ની સામે દર્શાવેલ જગ્યાઓની કામગીરી આઉટસોર્સથી લેવાની રહેશે.

| અનુ. | જગ્યાનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | સચિવશ્રી | ૧(એક) |
| ૨ | પંચના અંગત સચિવશ્રી(અંગ્રેજી સ્ટેનો ગ્રેડ-૧) | ૧(એક) |
| ૩ | કચેરી અધીક્ષક વર્ગ-૩ | ૧(એક) |
| ૪ | નાયબ સેક્શન અધિકારી | ૧(એક) |
| ૫ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | ૧(એક) |
| ૬ | સચિવશ્રીના અંગત સચિવ(ગુ.સ્ટે.-૨) | ૧(એક) |
| ૭ | સંશોધન મદદનીશ | ૨(બે) |
| ૮ | આંકડા મદદનીશ | ૬(છ) |
| ૯ | કારકુન | ૨(બે) |
| ૧૦ | ક્લાર્ક-કમ-ટાઇપીસ્ટ | ૧(એક) |
| ૧૧ | ડ્રાયવર (જેમાં એક જગ્યા આઉટસોર્સથી) | ૨(બે) |
| ૧૨ | પટાવાળા (આઉટસોર્સ) | ૫(પાંચ) |

| | | |
|---|---|---|
| ૧૩ | સંશોધન મદદનીશ (આઉટસોર્સ) | ૧(એક) |
| ૧૪ | રેકર્ડ કીપર (આઉટસોર્સ) | ૧(એક) |
| | ફૂલ:- | ૨૬(છવ્વીસ) |

શરતો:-

(૧) આ જગ્યા અંગેનું ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૩ ના અંદાજપત્રમાં આ હેતુ માટેની ગ્રાન્ટમાંથી મેળવવાનું રહેશે, તેમજ નિયત થયેલ સદરે ઉધારવાનું રહેશે.

(૨) આ જગ્યાઓ જે હેતુ માટે ઉભી કરેલ છે તે હેતુ માટે જ ચાલુ રાખવાની રહેશે.

(૩) એક વર્ષ કરતાં વધુ સમયથી પરંતુ ત્રણ વર્ષ કરતાં ઓછા સમયથી ખાલી હોય તેવી જગ્યાઓને એબેયન્સમાં મુકવાની રહેશે.

(૪) એબેયન્સમાં મુકવામાં આવેલ જગ્યાઓને ભરતાં પહેલાં નાણા વિભાગ (કરકસર પ્રભાગ)નો પરામાર્શ કરવાનો રહેશે.

(૫) ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી હોય તેવી જગ્યાને રદ કરવાની રહેશે.

(૬) આ હંગામી જગ્યાઓની મુદત પુરી થવાના ચાર માસ પહેલાં જગ્યાઓ ચાલુ રાખવાની દરખાસ્ત જગ્યાની વિગત(સંવર્ગ, કચેરી, સ્થળ, કેવી રીતે ભરાયેલ છે, હાલ ખાલી/ભરાયેલ છે) સાથે કરવાની રહેશે.

(૭) જે જગ્યા પર વયનિવૃતિ બાદ કરાર આધારિત નિમણૂક આપવામાં આવેલ છે તે નિમણૂક અંગે સરકારશ્રીની વખતોવખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આઉઅટસોર્સ અંગે સરકારશ્રીની વખતો વખતની સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા સલાહકારશ્રીની તા.૦૨/૦૨/૨૦૨૨ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રી ના હુકમથી અને તેમના નામે,

(આઇ.એમ.ઘાંચી)
ઉપ સચિવ-અ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, સેકટર-૧૯, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, વિભાગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા સારૂ
- શાખા સિલેકટ ફાઇલ